
## હરિની દૃષ્ટિ...




### જય અંબે પરિવાર દ્વારા અંબાજી પદયાત્રા ૧૮મી સપ્ટેમ્બરથી આરંભાશે

ગાંધીનગરના જય અંબે પરિવાર દ્વારા ૨૭માં વર્ષની અંબાજી ધામની પદયાત્રાનું આયોજન આગામી તા. ૧૮મી સપ્ટેમ્બરથી તા. ૨૪મી સપ્ટેમ્બર દરમિયાન કરવામાં આવેલ છે. આગામી ભાદરવા માસમાં ગાંધીનગરથી ધાર્મિક અને પવિત્ર એવા અરવલ્લીની ગીરીમાળાઓમાં શોભતા આરાસુર અંબાજીધામની યોજાનાર પદયાત્રામાં જોડાવા ઈચ્છતા શહેરીજનોએ ફોર્મ ભરી ૬ સપ્ટેમ્બર સુધીમાં કાર્યાલયમાં જમા કરાવવાનું પ્રમુખ લલિત પટેલે જણાવેલ છે.

# શહેરમાં ધીમીધારે વરસાદ

## પંદર દિવસના વિરામ બાદ ધીમી ધારે વરસાદ શરૂ થતાં ઠંડક ફેલાઈ : ખેડૂતો આનંદિત

ગાંધીનગર, તા. ૧૩

ધીમીધારના વરસાદ સાથે વરસાદનો વધુ એક રાઉન્ડ શરૂ થયો છે. લગભગ પંદર દિવસના વિરામ બાદ વરસાદ પુનઃ શરૂ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે અને ખેડૂતો આનંદિત બન્યા છે.

જુલાઈ માસના અંતિમ દિવસોમાં ધોધમાર વરસાદ પડ્યા બાદ વરસાદે લગભગ પંદર દિવસનો વિરામ લીધો હતો. વાદળોની અવરજવર વચ્ચે ગરમી અને બફારાથી સૌ કોઈ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. વરસાદ લંબાતા જિલ્લાના ખેડૂતો ચિંતામાં મુકાયા હતા. જો કે આ ચિંતા ટળતી હોય તેમ છેલ્લા બે દિવસથી આકાશમાં કાળા ડિબાંગ વાદળોનું સામ્રાજ્ય



ફેલાયેલુ છે. ગઈકાલે રાત્રે ધીમી ધારે વરસાદ વરસવો શરૂ થયો હતો. જેના કારણે માર્ગો ભીના થઈ ગયા હતા. જો કે થોડીકવાર વરસ્યા બાદ વરસાદ બંધ થઈ ગયો હતો. આજે દિવસ દરમ્યાન પણ આકાશમાં વાદળોનો જમાવડો જોવા મળ્યો હતો. કાળા વાદળો ઘેરાઈ જતા અને ભેજવાળુ વાતાવરણ હોવાના કારણે શહેર જાણે હીલસ્ટેશન જેવુ લાગતુ હતુ. અગાઉ પડેલા વરસાદ બાદ ઠેર ઠેર છવાયેલી લીલોતરી શહેરને ખરા અર્થમાં ગ્રીનસીટી બનાવી રહી છે. આવા વાતાવરણમાં બપોર બાદ ધીમી ધારે શહેરના ઘણા વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતો સૌથી વધુ આનંદિત બન્યા છે. ખરીફ પાકને પીયતની તાતી જરૂરીયાત હતી તે સમયે જ પુનઃ વરસાદ શરૂ થતાં ગ્રામ્ય વિસ્તારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આજે મહત્તમ તાપમાન ૨૯ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૬ ડી.સે. રહ્યું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૮૮ ટકા અને સાંજે ૯૬ ટકા રહ્યુ હતુ. જ્યારે વરસાદ ૨ મી.મી. નોંધાયો હતો.

## ખૂણે ખાંચરેથી...

● લાયોનેસ ક્લબ દ્વારા આજે મહિલાઓની સાયકલ રેલી વહેલી સવારે સાત વાગે મહાત્મા મંદિરથી નીકળશે. એકસોથી વધુ મહિલાઓ આ સાયકલ રેલીમાં ભાગ લેનાર છે.

● માણસા તાલુકાના દેલવાડા ગામ ખાતે સ્વાતંત્ર્ય દિનની સંધ્યાએ "બેટી વધાવો" નાટકનો વિશેષ શૉ રાખવામાં આવ્યો છે. જેમાં ભાજપના મહામંત્રી કે.સી. પટેલ, કૌશિક પટેલ, ગણેશ ચૌધરી, જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહેનાર છે.

● ભારતીય જનતા પક્ષ દ્વારા શ્રાવણ માસ દરમ્યાન ખાસ ટિફિન બેઠકોનું આયોજન કરામાં આવશે.

● ગાંધીનગર શહેર અને જિલ્લાના શિવ મંદિરોમાં શિવભક્તો દ્વારા આજથી બિલીપત્ર અને અભિષેક શરૂ થઈ રહ્યા છે.

● શ્રાવણ માસ દરમ્યાન ફરાળમાં પહેલીવાર કોકોનેટ ચોકલેટી પેંડાનું નગરમાં આગમન થયું છે.

● કોંગ્રેસ પક્ષ દ્વારા આગામી દિવસોમાં ખાટલા પરિષદો દ્વારા લોકસંપર્ક અભિયાનનું નવતર આયોજન હાથ ધરાયું છે.

● કલોલ ખાતે આજે ૧૫મી ઓગષ્ટની ઉજવણીનું રિહર્સલ યોજવામાં આવ્યું હતું. જેમાં કલેક્ટર, ડી.ડી.ઓ. અને જિલ્લા પોલીસ વડા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર જિલ્લા સામાજિક સ્વાસ્થ્ય સંઘ દ્વારા 'જાદુગર' નાટકનો શૉ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના સે-૨૩માં ખિમજી વિસરામ હોલ ખાતે મહિલા સશક્તિકરણ પખવાડીયા અંતર્ગત માહિતી કમિશનર કચેરીના ઉપક્રમે બે નાટય શો યોજાયા હતા. શર્મિષ્ઠાબેન દવે તથા લીનાબેન મહેતા ઉપસ્થિત રહ્યા હતાં. મહિલાઓથી ખીચોખીચ ભરેલા હોલમાં પ્રથમ કુંતલ નિમાવત લિખિત દિગ્દર્શિત નાટક 'સમર્પણ એટલે સન્નારી' પ્રસ્તુત કરાયું હતું. આ નાટકમાં એક પણ પુરૂષ







પાત્ર નહોતું, માત્ર ચાર મહિલા પાત્રો હતા જેમાં પ્રતિક્ષા નિમાવત, પ્રિતિ મહેતા, હાર્દિક શુકલા અને રિયા નિમાવતે અભિનય આપ્યો હતો. ત્યાર બાદ રાજયકક્ષાએ ૪ એવોર્ડ વિજેતા નાટક 'જાદુગર' પ્રસ્તુત કરાયું હતું. જે કુંતલ નિમાવત લિખિત અને દિવ્યકાંત વર્મા દિગ્દર્શિત નાટક છે. આ નાટકમાં માત્ર ત્રણ જ કિરદાર હતા જે દિવ્યકાંત વર્મા, દિપલ પરમાર અને કુંતલ નિમાવતે નિભાવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેતના બુચ દ્વારા કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલી મહિલાઓએ અભિભૂત થઈ બંને નાટકને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા.

આ નાટય શોનું આયોજન અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘની ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા કરાયું હતું. જેમાં જાણીતા નાટયકાર કુંતલ નિમાવતના બે નાટકો 'સમર્પણ એટલે સન્નારી' અને 'જાદુગર' પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

રાજય સરકાર દ્વારા મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણી કરાઈ રહી છે તે અંતર્ગત યોજાયેલ કાર્યક્રમ સમર્પણ એટલે સન્નારીમાં ખાસ મહિલાઓ માટે બે નાટય શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ, જયોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસી તથા અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘના

(તસવીર : કશ્યપ નિમાવત)

## સે-૭-ડી બાળકો અને વડીલોને સન્માનશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરીજન સંસ્થા અને ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સેકટર-૭-ડીના ઉપક્રમે ૧૬મી ઓગષ્ટ ૨૦૧૫ને રવિવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે સન્માન સમારોહ યોજાશે. જેમાં તેજસ્વી તારલાઓ અને ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વડીલોનું સન્માન કરવામાં આવશે. સંસ્થાના આ વાર્ષિક સન્માન સમારંભના મુખ્ય મહેમાન પદે મેયર હંસાબેન મોદી, ડે. મેયર કાર્તિકભાઈ પટેલ અને ગાંધીનગર સમાચાર દૈનિકના તંત્રી કૃષ્ણકાંત જહા વગેરે ઉપસ્થિત રહેશે. જેમાં સંસ્થાના પ્રમુખ જયંતભાઈ ભટ્ટ દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવશે.

આ કાર્યક્રમના પ્રારંભિક તબક્કે સંસ્થાના સભ્યોનાં ધોરણ-૧થી ૧૦ સુધીના તેજસ્વી સંતાનોને પારિતોષિક અને પત્ર આપી સન્માનવામાં આવશે જયારે બીજા તબક્કામાં નિવૃત્ત અધિકારી મંડળના ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વડીલોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ વિશે પણ ચર્ચા વિચારણા કરવામાં આવશે. કાર્યક્રમનું સંચાલન એસ.ડી. ગોસ્વામી કરશે.

# સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ અનામતની માંગણી માટે સરકારને રજૂઆત કરશે

ગાંધીનગર, તા. ૧૩


સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા સમાજના વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવામાં અન્યાય ન થાય તેમજ સરકાર કક્ષાએથી તેમને આર્થિક સહાય પુરી પાડવામાં આવે તેવી લાગણી સાથે અનામતની માંગણી કરવામાં આવશે. આ મામલે સમાજના અગ્રણીઓ આગામી દિવસોમાં સરકારને આવેદનપત્ર પણ સુપ્રત કરશે.

સમસ્ત બ્રહ્મસમાજના મહામંત્રી અશ્વિન ત્રિવેદીના જણાવ્યા મુજબ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજની ગાંધીનગર બ્રહ્મભવન ખાતે મળેલ મીટીંગમાં સર્વાનુમતે બ્રાહ્મણો માટે આર્થિક અને શૈક્ષણિક અનામતની માંગ કરવામાં આવી છે. આ માટે સમગ્ર તાલુકા તથા જિલ્લાના બ્રહ્મસમાજના સંગઠન દ્વારા આયોજન પંચના અધ્યક્ષને આ બાબતે આવેદનપત્ર આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. સમગ્ર સમાજમાં અનામતનો પવન ફૂંકાતા તમામ જ્ઞાતિના લોકો આંદોલન કરી અનામત મેળવવાની સરકાર સામે માંગ ઉઠાવી રહ્યા છે ત્યારે તેવા સમયે સમાજને અન્યાય ના થાય તે માટે સમસ્ત બ્રહ્મસમાજે આ બાબતે અવાજ ઉઠાવવાનું નક્કી કર્યું છે. કેટલાક બ્રહ્મ પરિવારો માત્ર કથા વાર્તા તથા કર્મકાંડ કરી પોતાના બાળકોનો મહામુસીબતે નિર્વાહ કરી રહ્યા છે ત્યારે સમાજના બૌદ્ધિક બાળકોને ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે અન્યાય ના થાય તે માટે શૈક્ષણિક તેમજ આર્થિક રીતે સમાજને અનામતમાં સમાવવા માટેની માંગ ઉઠવા પામી છે. અનામત બેઠકોના કાયદા પ્રમાણે હજુ પણ વધુ પ્રમાણમાં અન્ય સમાજ પોષણ મેળવતા જાય છે. જ્યારે બ્રહ્મસમાજ વધુને વધુ ગરીબ બનતો જાય છે તેથી સમાજના તેજસ્વી બાળકોને આર્થિક રીતે સહાય આપી સરકાર ઉચ્ચ શિક્ષણ માટે અગ્રતા આપે અને આર્થિક સહાય પુરી પાડે તેવી માંગણી કરવામાં આવશે. આ માટે ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ શૈલેષભાઈ જોષી, મંત્રી અશ્વિનભાઈ ત્રિવેદી, રાજકોટ બ્રહ્મ અગ્રણી જીતુભાઈ મહેતા, જૂનાગઢના છેલભાઈ જોષી તથા કચ્છના કે.જે. મહેતા તેમજ ગાંધીનગર બ્રહ્મસમાજના શૈલેષભાઈ પંડ્યા, કનૈયાલાલ પંડ્યા, યુવા પ્રમુખ જીગર ત્રિવેદી આગામી દિવસોમાં સરકારને આવેદનપત્ર આપવાનો નિર્ણય કર્યો છે.


## હાર્દિક અભિનંદન



ભરતસિંહ સોલંકી
પ્રમુખ શ્રી
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ



સોલંકી ઋતુરાજસિંહ (પપ્પુબાપુ) ઘનશ્યામસિંહ
મહામંત્રી - અરવલ્લી જીલ્લા કોંગ્રેસ



શંકરસિંહ વાઘેલા
વિરોધ પક્ષના નેતા
ગુજરાત વિધાનસભા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના પ્રમુખ શ્રી ભરતસિંહ સોલંકી સાહેબ તેમજ વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સાહેબની ભલામણથી અરવલ્લી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી પ્રતાપસિંહ ખાંટે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતીમાં મહામંત્રી પદે ઋતુરાજસિંહ સોલંકીની નિમણુક કરવામાં આવી છે. તે બદલ ખુબ ખુબ શુભેચ્છાઓ...

આપ ઉત્તરોઉત્તર પ્રગતી કરો તેવી શુભકામનાઓ....

દાસભાઈ જે પંડયા
અજયભાઈ તીરગર
અદેસિંહ એમ. ચૌહાણ
(પ્રમુખ બાયડ તાલુકા કોંગ્રેસ)
યુસુફભાઈ શેખ
(મંત્રી ગુજરાત પ્રદેશ લઘુમતી સેલ)
હર્ષદભાઈ પટેલ
(પ્રમુખ બાયડ શહેર કોંગ્રેસ)
માનવેન્દ્રસિંહ સોલંકી
(તાલુકા પંચાયત સદસ્ય)
હિતેશભાઈ પટેલ
(સરપંચશ્રી રડોદરા ગ્રામ પંચાયત)

પ્રમોદ શાહ
ધર્મેન્દ્ર પટેલ
ભુપેન્દ્ર પટેલ
બેચરસિંહ
(આમોદ્રા સરપંચ )
પ્રવિણસિંહ
અતુલભાઈ પટેલ
(સરપંચશ્રી વસાદરા)
ધીરૂભા
જાકીરભાઈ

સંકલન :- જીતેન્દ્ર પટેલ (૯૪૨૭૩૬૮૫૦૩) મોડાસા અરવલ્લી - જીલ્લા બ્યુરો ઓફીસ, પ્રમુખધામ કોમ્પ્લેક્ષ, મોડાસા


# પાટનગર યોજના ભવનમાં ઓગષ્ટના અંતમાં ચાર અધિકારીઓ નિવૃત થશે

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરને માળખાગત સુવિધાઓ પુરી પાડવા ઉપરાંત વિકાસના અવનવા પ્રોજકટથી ધમધમતુ રાખવા સતત કાર્યરત રહેતા પાટનગર યોજના વિભાગમાં વહીવટી કામગીરીના નામે શુન્યવકાશ સર્જાયેલો જોવા મળે છે. જયારે વિકાસ અને સુવિધાના કામો સંભાળતા તંત્રમાં અધિકારીઓના વય નિવૃતિના દૌર બાદ હાલ મોટાભાગની જગ્યાઓ ચાર્જમાં હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે ઓગષ્ટના અંત સુધીમાં એક કાર્યપાલક ઈજનેર તેમજ અન્ય ૩ નાયબ કાર્યપાલક ઈજનેરોની જગ્યા પણ ખાલી થતા ભવનનો વહીવટ સદંતર ખાડે જાય તેવી શકયતા છે.

શહેરમાં પાણી, ગટર રસ્તા અને સરકારી મકાનો સહિતની જાળવણી તેમજ વિકાસના નતનવા પ્રાજેકટની જવાબદારી સંભાળતા પાટનગર યોજના ભવનમાં મેન પાવરના નામે મીંડુ ચિતરાયેલુ જોવા મળે છે. અકબાજુ વહીવટી કામગીરી માટે એસ ઓ થી લઈ જુનિયર કલાર્કની મોટાભાગની જગ્યાઓ ખાલી છે.ત્યારે બીજીતરફ અનુભવી અધિકારીઓ પણ એક બાદ એક વયનિવૃત થતા વહીવટી કામગીરી અને વિકાસના પ્રોજેકટો મંદ પડી ગયા છે. છેલ્લા કેટલાક સમયથી પાટનગર યોજના ભવનમાં ડેપ્યુટી એન્જીનિયરની વય નિવૃતિના અંતે મોટાભાગની જગ્યાઓ ચાર્જમાં છે. જયારે ચાલુ મહીનાના અંતમાં પણ પાટનગર યોજના ભવનમાં મહત્વની જગ્યાઓ વયનિવૃતિના લીધે ખાલી થશે. જેમાં સબ ડીવિઝન -૨૦, ડીવિઝન ૩ તેમજ ડીવિઝન-૨માં નાયબ કાર્યપાલક ઈજનેરન ઓગષ્ટ મહિનાના અંત સુધીમાં વય નિવૃત થતા આ ત્રણેય જગ્યાઓ ખાલી થશે. જયારે ડીવિઝન-૪માં કાર્યપાલક ઈજનેર જી કે શાહ પણ ચાલુ મહિનાના અંતમાં નિવૃત થતા પાટનગર યોજના ભવનનુ તંત્ર સાવ ખાલીખમ જોવા મળશે હાલ પણ મેન પાવરના અભાવે મોટાભાગની જગ્યાઓ ચાર્જમાં હોવાનુ સ્પષ્ટ થયુ છે. એકબાજુ આમપણ સ્ટાફનો અભાવ હોવાની ફરિયાદો સાથે કર્મચારીઓમાં આક્રોશ પ્રવર્તયો છે. જયારે અધિકારીઓની વયનિવૃતિ બાદ જગ્યાઓ લાંબા સમયથી ચાર્જમાં ચલાવાતા વહીવટી કામગીરીમાં મોટો શિરદર્દ ઉભો થયો છે. આવા સંજોગોમાં હાલની સ્થિતિએ પણ પાણી ગટર વિભાગ ઉપરાંત રસ્તાઓની કામગીરી સંભાળતા ડિવિઝનમાં પણ કાયમી અધિકારીની નિમણુંક કરવામાં આવી નથી. જેના લીધે આગામી દિવસોમાં પાટનગર યાજના ભવન ખાલીખમ જોવા મળશે.

# ગાંધીનગરની ફિઝીયોથેરેપી કોલેજમાં વિનામૂલ્યે ઓપીડી સેવા અપાશે

## સોમવારથી પ્રારંભ થઈ રહેલ કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ફિઝીયોથેરેપી કોલેજમાં લેટેસ્ટ સારવારની સુવિધા ઉપલબ્ધ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની સુવિખ્યાત કડી સર્વ વિશ્વ વિદ્યાલય કેમ્પસમાં તા. ૧૭મી ઓગષ્ટથી એક નવું સોપાન ઉમેરાઈ રહ્યું છે. સિવિલ હોસ્પિટલ નજીક આવેલ નર્સિંગ કોલેજના કેમ્પસમાં કોલેજ ઓફ ફિઝિયોથેરેપીનો પ્રારંભ થઈ રહ્યો છે. કોલેજ પ્રારંભના બીજા દિવસથી તમામ દર્દીઓ માટે નિઃશુલ્ક ઓપીડીની વ્યવસ્થા પણ કરવામાં આવનાર છે.

નગરના લકવાગ્રસ્ત દર્દીઓ સહિત ફિઝીયોથેરેપીની સારવાર લેવા ઈચ્છતા તમામ દર્દીઓ માટે તા. ૧૮મી ઓગષ્ટથી કોલેજમાં



સવારે ૯ થી ૧ વાગ્યા દરમિયાન વિના મૂલ્યે ઓપીડી સેવા આપવામાં આવશે. સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરેપીમાં દર્દીઓની સારવાર માટે લેટેસ્ટ સાધનો સહિતની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. એરિયાના ચેરમેન વલ્લભભાઈ પટેલની સૂચનાથી નગરના તમામ ફિઝીયોથેરેપીના દર્દીઓને વિના મૂલ્યે સારવારની સગવડ કરવામાં આવી છે.

(તસવીર : સમીર રામી)